આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કૃપાલી મહિચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૧-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૨૫ કલાકે

---

## PM યોગ દિવસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે યોગ દિવસ નિમિત્તે સવારે 6.40 વાગ્યે દેશવાસીઓને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધન કરશે. જેનું જીવંત પ્રસારણ દેશભરમાં યોજાનાર યોગ દિવસના કાર્યક્રમોમાં કરવામાં આવશે. ગુજરાતના ૩૧૨ મુખ્ય સ્થળોએ આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.મુખ્યમંત્રીના વડપણમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોજાશે.

આ વર્ષના યોગ દિવસની ઉજવણીની વિષયવસ્તુ સ્વ અને સમાજ માટે યોગ, જેનો મુખ્ય હેતુ પર્યાવરણને અનુકૂળ એવા ઉત્પાદનોનો ઉપયોગ તેમજ પર્યાવરણને અનુરૂપ જીવન જીવવાની પ્રેરણા આપવાનો છે.

(RNU અમદાવાદ)

---------------------------------------------------------------------------

## PM-વૃક્ષારોપણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલ વૃક્ષારોપણ અભિયાનના કારણેદેશમાં હરિત કવચ એટલે કે વૃક્ષોની સંખ્યા વધારવાનો લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી શકાશે. કેન્દ્રિય પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવે ગઈકાલે દિલ્હીમાં અસોલાભાટી વન્ય જીવઅભ્યારણ્ય ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન આ મુજબ જણાવ્યુ હતું.તેમણે કહ્યું કે, વિકાસ સાધતી વખતે કુદરત અને વૈજ્ઞાનિક પ્રગતિ વચ્ચે સંતુલનસાધવું જરૂરી છે. તેમણે આબોહવામાં પરિવર્તનની

સમસ્યાનો સામનો કરવા પર્યાવરણને અનૂકૂળ જીવનશૈલી અપનાવવા લોકોને અનુરોધ કર્યો હતો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## નીટ પરીક્ષા-સર્વોચ્ચ અદાલત

સર્વોચ્ચ અદાલતે અનુસ્નાતક નીટ પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબ પત્રિકા જાહેર કરવા નિર્દેશ આપવા વિનંતી કરતી અરજીના આધારે રાષ્ટ્રીય પરિક્ષા બોર્ડ અને તબીબી કાઉન્સેલિંગ કમિટિને નોટીસ જારી કરી છે. અદાલતના ન્યાયાધીશ વિક્રમનાથના વડપણ હેઠળની વેકેશન બેંચે સંબંધિતોને નોટીસનો પ્રતિભાવ આગામી 8મી જુલાઇ સુધીમાં આપવાનો નિર્દેશ આપ્યો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-યોગ દિવસ

**કચ્છનો જિલ્લાકક્ષાનો યોગ દિવસનો કાર્યક્રમ આજે સ્મૃતિવન મેમોરિયલ ભુજ ખાતે યોજવામાં આવશે. તાલુકા કક્ષા તથા જ્યાં નગરપાલિકા છે, ત્યાં સંયુક્ત ઉપક્રમ સાથે કુલ 10 યોગ દિનના કાર્યક્રમ જિલ્લામાં યોજવામાં આવશે. અંજારનો કાર્યક્રમ વીરબાળ ભૂમિ સ્મારક, ગાંધીધામ ઓસ્લો બ્રિજ, રાપર સ્વામિનારાયણ ગુરુકુળ, માંડવીનો કાર્યક્રમ શ્યામજી કૃષ્ણવર્મા મેમોરિયલ, નખત્રાણા ખાતે ટી.ડી.વેલાણી હાઈસ્કૂલ, મુંદરાનો કાર્યક્રમ શાસ્ત્રી મેદાન, અબડાસા જંગલેશ્વર ગ્રાઉન્ડ નલિયા ખાતે, ભચાઉનો કાર્યક્રમ પટેલ બોર્ડિંગ અને લખપત પી.એમ.લીંબાણી હાઈસ્કૂલ દયાપર ખાતે યોજવામાં આવશે.**

**(પરેશ મારૂ)**

---------------------------------------------------------------------------

## ક્રિકેટ

**ટી-૨૦ વિશ્વ કપ ક્રિકેટ સ્પર્ધામાં સુપર આઠમાં ભારતે અફઘાનિસ્તાનને ૪૭ રને હરાવી મહત્વની સફળતા મેળવી છે. ફ્લોરિડા ખાતેની મેચમાં ભારતે ૮ વિકેટ ગુમાવી ૧૮૧ રન કર્યા હતા. જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ ૧૩૪ રન કરી શકી હતી.**

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## બજેટ

કેન્દ્રિય નાણાંમંત્રી નિર્મળા સિતારમણે સામાન્ય બજેટ અગાઉની ચર્ચાના ભાગરૂપે આર્થિક અને શેરબજારના ક્ષેત્રના નિષ્ણાતો સાથે બીજા દૌરની મંત્રણા ગઈકાલે દિલ્હીમાં કરી હતી.

આ બેઠકમાં નાણાંરાજયમંત્રી પંકજ ચૌધરી તેમજ નાણાં, મહેસૂલ, કોર્પોરેટ બાબતોના સચિવો અને મુખ્ય આર્થિક સલાહકાર જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, ગઇકાલે નાણાંમંત્રીએ સામાન્ય બજેટની પૂર્વતૈયારી રૂપે અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચાવિચારણા કરી હતી.

**(RNU અમદાવાદ)**

---